જન્મદિને વધામણી

નીતિનકુમાર નંદુભાઈ પટેલ
મો. ૯૫૫૮૫ ૮૨૦૬૮

હર્ષકુમાર મુકેશભાઈ પટેલ
મો. ૯૯૯૯૮ ૭૪૫૪૧૦

ઋષભ અલ્પેશભાઈ પટેલ

આપણું ફાઉન્ડેશન દ્વારા આજે અકિંચન બાળકો માટે ફ્રી મેડિકલ ચેક-અપ

ગાંધીનગર, તા. ૪

નગરના યુવાનોની બનેલી સેવા સંસ્થા આપણું ફાઉન્ડેશન દ્વારા શ્રમિક વર્ગનાં બાળકો માટે ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન રવિવારે કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં આપણું ફાઉન્ડેશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે તારીખ પાંચમી જૂનના રોજ સવારે ૭થી બપોરે ૧ વાગ્યા દરમ્યાન આદિવાડા, ચરેડી, ફતેપુરા, ગોકુળપુરા, ઘ-૬, ૬/૭, સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૦ વિસ્તારમાં સ્થિત શ્રમિક વર્ગનાં બાળકોનું મેડિકલ ચેક-અપ કરવામાં આવશે. ૧૧૦ જેટલા મેડિકલ ટીમના સભ્યો અને ૨૦૦ સ્વયંસેવકોની સહાયતાથી ૧૬૭૦ જેટલાં બાળકોનું મેડિકલ ચેક-અપ કરવાનું સંસ્થાનું આયોજન છે.

રાજ્ય સરકારની વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની કટિબધ્ધતાથી

સિંહ, દિપડા, ઘુડખર, કાળીયાર, મગર વગેરે વન્ય પ્રાણીઓની સંખ્યામાં સતત વૃધ્ધિ

આપણું ગુજરાત, હરિયાળું ગુજરાત બને તે માટે સૌ સહિયારા પ્રયાસો કરે તેવી વનમંત્રીની અપીલ

ગાંધીનગર, તા. ૪

સમગ્ર જીવ સૃષ્ટિનું રક્ષણ થાય અને દરેક પ્રાણીઓ, જીવજંતુઓ વિગેરેને જીવવાનો સમાન અધિકાર પ્રાપ્ત થાય તે અત્યંત જરૂરી છે. અને નાના સૂક્ષ્મ જંતુઓથી માંડીને મોટા સસ્તન પ્રાણીઓનું પૃથ્વી ઉપર સહ અસ્તિત્વ હશે તો જ જીવન સાંકળ જળવાઇ રહેશે. તેમાંથી એક મણકો છૂટો પડે કે કોઇ ચૂક થયેથી વિશ્વમાં પર્યાવરણીય અસમતુલા ઉભી થાય છે. રાજ્યના પ્રજાજનોની તમામ જીવસૃષ્ટિ પ્રત્યેની સંવેદના અને જાગૃતિ થકી રાજ્યમાં આવી પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ છે.

અન્ય રાજ્યોમાં અમુક જાતના વન્યપ્રાણીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે. જયારે ગુજરાતમાં રાજ્ય સરકારના સતત અને સઘન પ્રયત્નોથી તેમજ પ્રાણી પ્રત્યે પ્રેમભાવ રાખવાના અહિંસા પરમો ધર્મને વરેલી ગુજરાતની જનતાના સહયોગથી સિંહ, દિપડા, ઘુડખર, કાળીયાર, મગર વગેરે વન્ય પ્રાણીઓની સંખ્યામાં સતત વૃધ્ધિ થઈ છે. ગુજરાતમાં ૫૨૬ પ્રજાતિનાં પક્ષીઓ, ૧૦૭ સરીસૃપ અને ઉભયજીવી જાતો, ૭૦૦૦ થી વધુ કીટકો અને મૃદુકાય જેવા જીવો મળી આવે છે. ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારના ૮.૭૫ ટકા જેટલા વિસ્તારો સંરક્ષીત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ૪ રાષ્ટ્રીય ઉદ્યાન, ૨૩ અભયારણ્યો અને ૧ કન્ઝર્વેશન રીઝર્વ આવેલાં છે. જે રાજ્ય સરકારની વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની કટિબધ્ધતા છે.

વર્ષ ૨૦૦૫માં થયેલ ગણતરી મુજબ રાજ્યમાં કુલ ૩૫૯ સિંહ હતા. રાજ્ય સરકારના પ્રયત્નો સાથે પ્રજાનો સહકાર મળતાં સિંહની વસ્તી વર્ષ સને ૨૦૧૫ માં થયેલ ગણતરી મુજબ ૫૨૩ સિંહોની સંખ્યા થઈ છે. સાથે સાથે રાજ્યભરમાં હાથ ધરવામાં આવેલી દીપડા અને રીંછની વસ્તી ગણતરીમાં અગાઉની પાંચ વર્ષ પહેલાની સને ૨૦૧૧ ની દીપડા અને રીંછની સંખ્યામાં ૧૫% નો વધારો થયો છે.

રાજ્યમાં આવેલા પક્ષી અભયારણ્યોમાં યાયાવર પક્ષીઓનું આગમન વધી રહ્યું છે. તાજેતરમાં નળસરોવર તથા થોળ પક્ષી અભયારણ્ય ખાતે હાથ ધરવામાં આવેલ પક્ષી ગણત્રી અંદાજમાં પણ સારો એવો વધારો નોંધાયો છે. નળસરોવર પક્ષી અભયારણ્યમાં ૧૨૨ પ્રજાતિના કુલ ૩,૧૨,૩૬૧ અને થોળ પક્ષી અભયારણ્યમાં ૮૧ પ્રજાતિના કુલ ૬૧,૪૩૪ પક્ષીઓ નોંધાયેલ છે. જે ગત સને ૨૦૧૪ની પક્ષી ગણત્રી કરતાં અનુક્રમે ૧૬ હજાર અને ૩૮ હજાર વધારો થયો છે.

સમુદ્રમાં થતી વ્હેલશાર્ક માછલી એ સૌથી મોટી માછલી છે. વ્હેલ શાર્કના સંરક્ષણ અને સંવર્ધન માટેના પગલાં લેવામાં ગુજરાત અગ્રીમ સ્થાને છે. સૌરાષ્ટ્રનો દરીયા કિનારો વ્હેલ શાર્કના પ્રજનન માટે દુનિયાભરમાં જાણીતો છે. વન વિભાગના પ્રયત્નો થી માછલી પકડવાની જાળમાં આકસ્મિક રીતે ફસાઇ જતી વ્હેલ શાર્કને દરિયાખેડુઓ દ્વારા તેમની જાળ કાપીને મુકત કરવાનું શરૂ કરાયું છે. પુરજોશમાં ચાલી રહેલ આ અભિયાન માછીમાર ભાઇઓનો સહકાર અને લોકોમાં સંરક્ષણની ભાવનાને આધિન છે. માછીમાર ભાઇઓને જાળ માટે થતું નુકશાન ભરપાઇ કરવા રાજ્ય સરકાર દ્વારા જાળના નુકશાનના વળતર પેટે વધુમાં વધુ રૂા.૨૫,૦૦૦/- ની મર્યાદામાં આપે છે. અત્યાર સુધી કુલ ૫૮૩ વ્હેલશાર્ક મુકત કરવામાં આવી છે. લોક સહકારના કારણે આ યોજનાની રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ છે. ગુજરાત વન્યજીવ વિવિધતાનો સમૃધ્ધ વારસો ધરાવે છે. અને આ જૈવ વૈવિધતા સંરક્ષણમાં રાજ્યની પ્રજાનું બહુમૂલ્ય યોગદાન છે. રાજ્યના લોકો શાકાહારી છે. કેટલાક સ્થળોએ લોકો સ્વયંભૂ રીતે વન્યજીવોનું રક્ષણ કરે છે અને તેઓના વિસ્તારમાં શિકાર ન થાય તેની કાળજી પણ લે છે. માનવ અને વન્યજીવો પરસ્પર સુમેળભર્યા વાતાવરણમાં વસી રહ્યા છે. લોકોની વન્યજીવો પ્રત્યેની લાગણી અને સહિષ્ણુતાને પરિણામે રાજ્યમાં વન્યજીવોનું વૈવિધ્ય અને વસ્તી પાંગરેલી છે.

ગુજરાતે અપનાવેલ વન્યજીવ સંરક્ષણના પગલાંઓની નોંધ કેન્દ્ર સરકારે લઇ ગુજરાત મોડેલ અપનાવવા અન્ય સભ્યોને અનુરોધ કર્યો છે. આપણી "વન્યપ્રાણી મિત્ર"ની યોજના આ પૈકીની એક યોજના છે. ભૂતકાળમાં રાજ્ય દ્વારા કરાયેલ પ્રકૃતિ શિક્ષણ શિબિરોની યોજનાને પણ અન્ય રાજ્યોએ અપનાવી હતી અને રાજ્યનાં અધિકારીઓ છેક કર્ણાટક રાજ્યમાં ત્યાંના કર્મચારીઓને તાલીમ આપવા ગયા હતાં. પર્યાવરણના સંરક્ષણ માટે પ્રાકૃતિક સ્ત્રોતોનું સંરક્ષણ અને વિવેકપૂર્ણ ઉપયોગ અતિ જરૂરી છે. વૈશ્વિક સ્તરે આ સંદર્ભમાં ૩-ઇ ની વિચારધારા એટલે કે રીડ્યુસ (Reduce), રીયુઝ (Reuse) અને રીસાઇકલીંગ (Recycling) ની વિચારધારા પ્રવર્તે છે. એટલે કે આવા નૈસર્ગિક સ્ત્રોતોનો શક્ય તેટલો ઓછો ઉપયોગ કરીએ, શક્ય હોય ત્યાં સુધી તેનો ફરી ફરીને વપરાશ કરીએ અને તેનું રીસાઇકલીંગ એટલે કે પુનઃ ચક્રીકરણ કરી ઉપયોગમાં લઇએ. આ વિચારધારા આપણી સંસ્કૃતિમાં વણાયેલી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આ ત્રણ આર (ઇ) માં ચોથો આર (ઇ) ઉમેર્યો અને તે છે રીસ્પેક્ટ (Respect) એટલે કે પ્રકૃતિને માન આપો. વસુંધરા એ આપણી મા છે. મા વસુંધરાના સ્ત્રોતો માત્ર ખપ પૂરતા ઉપયોગમાં લઇએ અને મા વસુંધરાને વૃક્ષોરૂપી અલંકારોથી શણગારીએ. આપણા ગામ, આપણાં શહેર, આપણા તાલુકાને વનીકરણ દ્વારા સ્વચ્છ અને સુંદર બનાવીએ અને તે થકી પર્યાવરણની સમતુલા જાળવીએ. રાજ્યના વનમંત્રીએ આપણું ગુજરાત, હરિયાળું ગુજરાત બને તે માટે સૌ સહિયારા પ્રયાસો કરે તેવી અપીલ પણ છે.

વિશ્વ પર્યાવરણ દિવસ પર વન્ય પ્રાણીઓ સાથે માનવીય વર્તનના સંકલ્પની આવશ્યકતા

ગાંધીનગર, તા. ૪

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૧૬ની ઉજવણીના નિમિત્તે આજે ગ્રામ વ્યવસ્થાપન અધ્યન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા "પ્રવર્તમાન સમયમાં પર્યાવરણ સંરક્ષણની જરૂરિયાત અને તરાહો" વિષય પર વ્યાખ્યાનનો આયોજન કરવામાં આવ્યો હતો. વન વિભાગ, ગુજરાત સરકાર-ગાંધીનગરના સહાયક વન સંરક્ષકશ્રી હેમન્તભાઈ સુથારે વ્યાખ્યાન આપતા કહ્યુ કે ૫ જૂન,૧૯૭૨ જ્યારે માનવ અને પર્યાવરણ વિષય પર સૌ પ્રથમ વૈશ્વિક સ્તરે ચર્ચા કરવામાં આવી હતી ત્યારથી દર વર્ષે જુદી જુદી થીમ સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની થીમ વન્ય જીવ સંરક્ષણ નક્કી કરવામાં આવી છે. રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈનના જણાવ્યાનુસાર હેમન્તભાઈ સુથારે ઉમેર્યું હતું કે, આજે વિશ્વમાં વન્ય પ્રાણિયોં અને તેના અંગોનું ગૈર-કાયદાકીય તથા અમાનવીય વ્યાપાર જોર-શોરથી ચાલી રહ્યુ છે. દર વર્ષે કેટલા પ્રાણિઓ ક્રૂરતા સાથે પોતાનો અસ્તિત્વ ગુમાવી રહ્યા છે. આ વ્યાપાર પૂવી એશિયાઈ દેશોથી પશ્ચિમી દેશો તરફ ચાલે છે જેમાં બહુ કમાણી છે. આ લાલચની ભેંટ મૂક પ્રાણીઓ ચઢે છે. આપણે સમજવું પડશે કે સૃષ્ટિના સંતુલન માટે આ પ્રાણીઓ કેટલા જરૂરી છે. એના વગેર આપણો અસ્તિત્વ પણ નિકટ સમયમાં જોખમાઈ જવાનું છે. ગત ૪૦ વર્ષીમાં આશરે ૫૨ ટકા જૈવ સમ્પદા નાશ પામી છે અને જો આ જ રફ્તાર રહી તો થોડાક સમયમાં અમે બાકીના ૫૦ ટકા ઓછુ કરી લઈશ. કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને કહ્યુ કે યુવાનોએ આજે પર્યાવરણ દિવસની સાચી સાર્થકતા સિદ્ધ કરવા માટે આટલું તો સંકલ્પ કરવો જોઈએ કે તેઓ વન્ય પ્રાણીઓ ના અંગો થી બનેલા વસ્તુઓનું ઉપયોગ કરશે નહિં અને આ રીતે મૂક પ્રાણીઓના ગેરકાયદેસર વ્યાપારને અટકાવવામાં મદદરૂપ થશે. અમે પોતાની જીવનશૈલીને શક્ય હોય ત્યાં સુધી સંયમિત કરીશું કે જેથી પર્યાવરણીય ઘટકોનું ઓછામાં ઓછું નુકસાન થાય. ગાંધીજીનું આ કથન પ્રાસંગિક લાગે છે કે કોઈ રાષ્ટ્ર કેટલું મહાન છે તેની સાબિતી એના ઉપરથી કરી શકાય છે કે ત્યાંના લોકો પ્રાણીઓ સાથે કેવું વર્તન કરે છે. આજે સમયની માંગ છે કે શિક્ષિત અને યુવા વર્ગ લાચારી તજીને આ દિશામાં પોતાની સક્રિય ભૂમિકા સુનિશ્ચિત કરે.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ એમ્પ્લોઈઝ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. દ્વારા

આજે ટાઉનહૉલમાં જૂનાં-નવાં હિન્દી ફિલ્મો ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

શ્રી ગુજરાત મેરીટાઈમ બોર્ડ એમ્પ્લોઈઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી દ્વારા રવિવારે સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે જૂનાં-નવાં ફિલ્મો ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સોસાયટીના ચેરમેન કે બી મકવાણા અને માનદ મંત્રી જે આર પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ધી ગુજરાત મેરીટાઈમ બોર્ડ એમ્પ્લોઈઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી દ્વારા સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી ગાંધીનગર ટાઉનહૉલ ખાતે તારીખ પાંચમી જૂનના રોજ બપોરે ત્રણ કલાકે નિયત કરવામાં આવી છે. આ પ્રસંગે આયોજિત સમારોહના મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેન અશોકભાઈ દવે તથા સમારોહ પ્રમુખ તરીકે ગુજરાત મેરીટાઈમ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તથા ઉપાધ્યક્ષ એ કે રાકેશ (આઈએએસ) ઉપસ્થિત રહેશે.

આ સમારોહ અંતર્ગત હિન્દી ફિલ્મોનાં સદાબહાર જૂનાં-નવાં ગીતોનો કાર્યક્રમ પણ સભ્યો, પરિવારજનોના મનોરંજન માટે રાખવામાં આવ્યો છે. મધુસૂદન ભાવસારના સહયોગથી આયોજિત 'ઑલટાઈમ હિટ્સ અમને કહો મ્યુઝીકલ નાઈટ' નામક આ કાર્યક્રમના શો કો-ઓર્ડેનેટર પ્રકાશ જાડાવાલા છે. ભરપૂર મનોરંજક એવા આ કાર્યક્રમમાં કલાકાર તરીકે વર્સેટાઈલ સિંગર શિવાંગ દવે, કોશા પંડ્યા, પિન્કી પટેલ, ઈરફાન દિવાન ઉપસ્થિત રહેશે. ઓરકેસ્ટ્રા કિન્નર ઠાકોરનું હશે અને એન્કર તરીકે આરીફખાન ઉપસ્થિત રહેશે.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

'મારા પ્રેમાળ પાડોશી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
હાઉસફૂલ ૩
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૨
હાઉસફૂલ ૩
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૩
નિન્જા ટર્ટલ્સ (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૪૫
નિન્જા ટર્ટલ્સ (૩ડી હિન્દી)
૩.૧૫, ૧૦.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૫.૩૦

સ્ક્રીન-૪
સરબજીત
૬.૪૫
વિરપ્પન
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૫
હાઉસફૂલ ૩
૧૦.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મનપા દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૪

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનર દ્વારા જણાવવામાં આવ્યું છે કે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ઉપક્રમે તારીખ પાંચ જૂન, રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે જનભાગીદારીથી મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ તથા નદી કિનારે સ્વચ્છતા અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સરીતા ઉદ્યાન, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા તેમણે અપીલ કરી છે.

મનના ભારેખમ પર્યાવરણને હળવું કરવું હોય તો 'હાઉસફુલ-૩' સારો પર્યાય છે

મનના ભારેખમ પર્યાવરણને હળવું કરવું હોય તો 'હાઉસફુલ-૩' સારો પર્યાય છે.

હૃષિકેશ મુખરજીની અમોલ પાલેકરવાળી ફિલ્મ 'ગોલમાલ' કોમેડી ફિલ્મો માટે માઈલસ્ટોન છે. જનરેશન બદલાતાં મુખરજીનું સ્થાન નડીયાદવાલાએ લીધું છે, પરન્તુ વિષય 'ગોલમાલ' રિટર્ન્સ બને કે પાર્ટ પડે... કે પછી 'હાઉસફુલ' સિરિઝ બને. હિન્દી ફિલ્મોમાં કોમેડીની આ ફોર્મ્યુલામાં કંઈ નવું ઉમેરાવાની શકયતા ઓછી છે. સાજીદ નડીયાદવાલા નિર્મિત 'હાઉસફુલ-૩', 'હાઉસફુલ' (૨૦૧૦) કરતાં નબળી અને 'હાઉસફુલ-૨' (૨૦૧૨) કરતાં સબળી કોમેડી ફિલ્મ છે. જે પ્રોપર ટાઈમીંગ, સારા કલાકારો અને શ્રેષ્ઠ કહી શકાય એવી ટેકનીકને કારણે હળવી અને સહન કરી શકાય એવી બની છે.

ઓરિજીનલી કે. સુભાષે લખેલી વાર્તા ઈન્ટરેસ્ટીંગ છે. આપણને; ગુજરાતીઓને વધુ મજા પડે એવી વાત એ છે કે, 'હાઉસફુલ-૩' ફિલ્મનું મુખ્ય ફેમિલી ગુજરાતી-પટેલ ફેમિલી છે. બટુક પટેલ-બોમન ઈરાની લંડનમાં સ્થાયી થયેલો માલેતુજાર ગુજરાતી છે, જે પોતાની ત્રણ દીકરીઓ ગંગા-જેકલીન ફર્નાન્ડિઝ, જમુના-લીસા હૈડન અને સરસ્વતી-નરગીસ ફકરીના લગ્ન થાય એવું નથી ઈચ્છતો એટલે બનાવટી જ્યોતિષી-ચંકી પાંડે-આખરી પાસ્તાના મોઢે બોલાવે છે કે, દીકરીઓના પતિદેવો બોમન સામે પગ મુકશે, તેની સામે નજર નાખશે કે તેની સાથે વાત પણ કરશે તો બોમનનું મૃત્યુ થશે. દીકરીઓની આ ચિંતા તેમના પૈસા માટે બનાવટી પ્રેમ કરતા તેમના પ્રેમીઓ ફૂટબોલર- અક્ષયકુમાર અપંગ હોવાનો ઢોંગ કરીને, કાર રેસર રિતેશ દેશમુખ અંધ હોવાનું નાટક કરીને અને રેપ ગાયક - અભિષેક બચ્ચન મુંગો હોવાનો ડોળ કરીને દૂર કરે છે. બોમન ઈરાનીના ઘરમાં આવું કોમેડી નાટક શરૂ થાય છે. ઈન્ટરવલ સુધી આમ જ ટાઈમીંગવાળી ફારસ પ્રકારની કોમેડી ચાલે છે. ઈન્ટરવલ પછી કહાનીમાં ટ્વીસ્ટ આવે છે, અને થોડું સસ્પેન્સ, થોડી મારધાડ, થોડો બદલો અને ટીપીકલ હિન્દી ફિલ્મ ફોર્મ્યુલા અનુસાર બીજા બધા મરી-મસાલા ઉમેરાય છે. એકંદરે સહ્ય કોમેડી ફિલ્મ હળવાશપૂર્વક અંત પ્રતિ ગતિ કરે છે.

અક્ષયકુમાર એકશનનો એક્કો અને કોમેડીનો કિંગ છે. હિન્દી ફિલ્મોના અત્યારના યુગમાં અક્ષયકુમાર વિનાની કોમેડી ફિલ્મની કલ્પના કરવી પણ અઘરી છે, તો અક્ષયની સાથે રિતેશ દેશમુખ પણ કોમેડી ફિલ્મ માટેનું અનિવાર્ય કોમ્બિનેશન સાબિત થઈ ગયો છે. 'મુન્નાભાઈ' સિરીઝથી બોમન ઈરાની પણ કોમેડીનો પર્યાય બની ગયા છે. 'હાઉસફુલ' ૧-૨ અને ૩ નો લ.સા.અ. (લઘુત્તમ સાધારણ અવયવ) કાઢીએ તો અક્ષય-રિતેષ-બોમન અને ચંકી પાંડે આવે. પહેલા પાર્ટમાં જેકલીનના આઈટમ સોંગને ગણનામાં લઈએ તો એ પણ ખરી. બાકી ત્રણેય પાર્ટમાં ત્રીજું પાત્ર બદલાયું છે. પહેલામાં અર્જુન રામપાલ, બીજા પાર્ટમાં જહોન અબ્રાહમ અને હવે ત્રીજામાં અભિષેક બચ્ચન છે. આ પ્રકારની ફિલ્મોમાં હિરોઈનને ભાગે પોતાની સુંદરતા અને દેહયષ્ટિના પ્રદર્શન સિવાય વિશેષ કંઈ હોય નહીં એ હવે સ્વિકૃત છે એટલે પહેલા પાર્ટમાં દિપીકા પદુકોણ, લારા દત્તા અને જીયા ખાન હતા, તે પછીથી હિરોઈનના નામ પણ તેમના વસ્ત્રોની જેમ નાના થતા ગયા. બીજા પાર્ટમાં એક અસીન ને છોડીને જેકલીન અને ઝરીન હતા તો આ ત્રીજા પાર્ટમાં જેકલીન સાથે લીસા હૈડન અને નરગીસ ફકરી છે. કોમેડીના પરફેક્ટ ટાઈમીંગ અને સારી સ્ટારકાસ્ટ ને કારણે ફિલ્મ કંટાળાજનક નથી લાગતી.



'હાઉસફુલ-૩'ની સૌથી મજેદાર અને ઈન્ટરેસ્ટીંગ વાત આ ફિલ્મના દિગ્દર્શકો છે. આ ફિલ્મ બે દિગ્દર્શકો- સાજીદ સામજી અને ફરહાદ સામજીએ ડાયરેક્ટ કરી છે. બે દિગ્દર્શક !!! ફિલ્મની જેમ આ વાત હાસ્ય નિષ્પન્ન કરવા માટે નહીં પણ સત્ય છે. સાજીદ-ફરહાદની જોડી આમ તો સલીમ-જાવેદની જેમ લેખક જોડી છે. આ જોડીએ લેખક તરીકે 'સન્ડે', 'ડબલ ધમાલ', 'ગોલમાલ રિટર્ન્સ', 'ઑલ ધી બેસ્ટ', 'સિંઘમ', 'બોલ બચ્ચન', અને 'ચેન્નાઈ એક્સપ્રેસ' જેવી ઘણી સફળ ફિલ્મો આપી છે. તેમણે લખેલી ચાર ફિલ્મો તો 'સો કરોડ કલબ' સુધી પહોંચી છે. આ જોડીએ 'મુન્નાભાઈ' સિરીઝનાં ગીતો પણ લખ્યાં છે. અગાઉની બન્ને 'હાઉસફુલ' સાજીદ-ફરહાદે જ લખી હતી. આ વખતે આ જોડીએ આ ફિલ્મનો સ્ક્રીન-પ્લે તો લખ્યો જ છે, પરન્તુ ફિલ્મનું ડાયરેકશન પણ સંભાળ્યું છે. સાજીદ નડિયાદવાલાએ દિગ્દર્શક સાજીદખાનને બદલે સાજીદ સામજી અને ફરહાદ સામજીને તક આપીને પ્રેક્ષકો પર કૃપા કરી છે. જોકે આ બન્નેની દિગ્દર્શક તરીકેની આ પહેલાંની ફિલ્મ 'એન્ટરટેઈનમેન્ટ' ખૂબ શક્તિશાળી હથોળો હતો, પરન્તુ આ બીજી ફિલ્મમાં સાજીદ-ફરહાદની જોડીએ કોમેડી ફિલ્મના પ્રેક્ષકોને મજા કરાવી છે. 'હાઉસફુલ-૩' ટેકનિકલી પણ પરફેક્શનની નજીક છે. આ માટે વિકાસ શિવરામનની સિનેમેટોગ્રાફી અને સ્ટીવન બર્નાર્ડના એડીટીંગને શ્રેય આપવું પડે. બે-ત્રણ દશ્યોમાં તો સ્ટીવન બર્નાર્ડના એડીટીંગની કમાલ જોવા જેવી છે.

'હાઉસફુલ-૩'નું મ્યુઝિક પણ કર્ણપ્રિય છે. તેમાં પણ નયનરમ્ય કોરિયોગ્રાફીને કારણે ફિલ્મના ડાન્સ નંબર્સ જોવા ગમે એવા બન્યા છે. શરીબ અને તોશી સાબરી, સોહિલ સેન, મિલિન્દ ગાબા, તનિશ્ક બાગચી અને મિકા સિંઘે સંગીતબધ્ધ કરેલા ગીતો જરાય અર્થસભર નથી છતાં પણ સાંભળવા-માણવા ગમે તેવા છે.

આમ એકંદરે... કુલે મળીને 'હાઉસફુલ-૩' એક સહ્ય-મસાલા-મનોરંજક કોમેડી ફિલ્મ છે. આજકાલ પર્યાવરણમાં ખૂબ જ ગરમીને કારણે ગંભીરતાનું પ્રમાણ ઘણું છે. બધાનાં મગજ એટલા તપે છે કે હવામાં હળવાશની ભિનાશ અને હાસ્યના ભેજનું પ્રમાણ નહીંવત થઈ ગયું છે. પર્યાવરણ દિવસના અનુસંધાને પોતાના મન-મસ્તિષ્કના ભારેખમ પર્યાવરણને નિરર્થક કોમેડીથી હસીને હળવું કરવું હોય તો 'હાઉસફુલ-૩' સારો પર્યાય છે. અને હા, મન-મગજ પર ભાર લઈને, કંઈક અર્થસભર શોધવાનો ઈરાદો રાખશો તો તમારું પર્યાવરણ ઉપરથી બગડશે... ક્યારેક હસવું ન આવે એવી પરિસ્થિતિને પણ હસી કાઢીએ તો આપણે હળવા થઈએ...